


# ડ્રેસિંગરૂમની 'ફૂટ' મેદાનમાં દેખાઈ

## મહેન્દ્રસિંહ ધોની અને ટીમ ઈન્ડિયાના સિનિયર્સ આમને-સામને

**નવી દિલ્હી:** ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીની સિનિયર ખેલાડીઓ સચીન તેંડુલકર, વીરેન્દ્ર સેહવાગ અને ગૌતમ ગંભીરની જાહેરમાં ટીકાએ એક નવા વિવાદને જન્મ આપી દીધો છે. ઓસ્ટ્રેલિયા સામે ૧૧૦ રને પરાજય થયા બાદ ભારતીય કેપ્ટને કહ્યું હતું કે, ''ત્રણેય ઓપનર મેદાનમાં ઘણા ધીમા છે, તેથી તેઓને વારાફરતી રોટેશન નીતિ અંતર્ગત ટીમની બહાર રખાશે.'' ધોનીના આ નિવેદનથી જાણે કે ભૂકંપ સર્જાયો છે. ટીમ ઈન્ડિયાના ડ્રેસિંગરૂમમાં મતભેદ છે એ વાત હવે સ્પષ્ટ થઈ ચૂકી છે, કારણ કે ભારતીય ટીમના કાર્યકારી કેપ્ટન વીરેન્દ્ર સેહવાગે ધોની પર વળતો હુમલો કરતાં કહ્યું કે, ''ધોનીનું નિવેદન સંપૂર્ણપણે ખોટું છે.''



સેહવાગે ધોની પર પ્રહાર કરતાં કહ્યું કે, ''આવું બિલકુલ નથી. બધા ચુસ્ત છે અને સારી ફિલ્ડિંગ કરી રહ્યા છે.''

ભારતીય ડ્રેસિંગરૂમમાં કંઈક તો ગરબડ ચાલી રહી છે એ વાતનો ઈશારો સેહવાગના ગઈ કાલના નિવેદન પરથી મળ્યો હતો. ટોસ ઊછળ્યા પછી સેહવાગને જ્યારે પૂછવામાં આવ્યું કે, 'રોહિત શર્મા શા માટે ટીમમાં નથી રમી રહ્યો?' ત્યારે વીરુએ જવાબ આપ્યો, ''અમે રોહિતને આરામ આપ્યો છે. જ્યારે સિનિયર ખેલાડીઓને આરામ આપી શકાય તો રોહિત શર્મા આરામ શા માટે ના કરી શકે?''

ગઈ કાલે ભારતના પરાજય બાદ સેહવાગે જણાવ્યું કે, ''પાંચ વાર હું થર્ડમેન કે સ્લિપમાં કેચઆઉટ થયો છું. હું મારા પ્રદર્શન પર ધ્યાન આપી રહ્યો છું અને ટીમને વિજય અપાવવા મારી ટેક્નિકમાં સુધારો કરીશ.''

બીજી આશ્ચર્યની વાત એ છે કે અગાઉની બે મેચમાં 'ઈજાગ્રસ્ત' સેહવાગ ધોની પર પ્રતિબંધ લાગતા જ એકાએક 'ફિટ' પણ થઈ ગયો! સેહવાગે ગત સોમવારે જાહેર કર્યું હતું કે તે સંપૂર્ણપણે ફિટ છે અને નેતૃત્વ સંભાળવા તૈયાર છે.

ભારતીય ટીમમાં ખટપટ તો ચાલી જ રહી છે અને ધીમે ધીમે એના પરથી પડદો પણ ઊઠી રહ્યો છે, પરંતુ અફસોસની વાત એ છે કે અહમ્‌નો ટકરાવ વિદેશી ધરતી પર દુનિયા સમક્ષ આવી રહ્યો છે.

### પ્રતિબંધ બાદ ધોની સામે નવી મુશ્કેલી

ગઈ કાલે શ્રીલંકા સામેના પરાજય બાદ ભારતીય ટીમનો સીબી સિરીઝની ફાઇનલમાં પહોંચવાનો માર્ગ મુશ્કેલ બની ગયો છે. આ જીત સાથે જ શ્રીલંકા પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને આવી ગયું છે. ભારતે જો ફાઇનલમાં પહોંચવું હશે તો તેણે બાકીની બંને મેચમાં શાનદાર વિજય મેળવવો પડશે. ઓસ્ટ્રેલિયા સૌથી ટોચ પર છે, જ્યારે ભારત ત્રીજા સ્થાને ફેંકાઈ ગયું છે. ફાઈનલમાં પ્રવેશ મેળવવા માટે હાલમાં ઓસ્ટ્રેલિયા સૌથી આગળ છે, કેમ કે તેણે ત્રણ વિજય મેળવ્યા છે, જ્યારે ભારત અને શ્રીલંકા બંને ટીમ ૨-૨ વિજય સાથે બીજા સ્થાને છે, પરંતુ ભારતનો નેટ રન રેટ ઓછો હોવાથી તે ત્રીજા સ્થાને ધકેલાયું છે. જો ત્રણેય ટીમો કે પછી બે ટીમ સરખા પોઈન્ટ ધરાવતી હશે તો અંતે નેટ રન રેટના આધારે જ ફાઈનલમાં પ્રવેશ મળશે. એક મેચના પ્રતિબંધ બાદ કેપ્ટન ધોનીએ હવે બાકીની બે મેચ જેમાં એક શ્રીલંકા અને એક ઓસ્ટ્રેલિયા સામે રમવાની છે તેમાં ધમાકેદાર વિજય મેળવવો જ પડશે. જો આમ થશે તો જ ટીમ ઈન્ડિયા ફાઇનલમાં જગ્યા મેળવી શકશે.

### રૈના સાથે કેપ્ટન ધોની ક્યાં સુધી દોસ્તી નિભાવશે?

**બ્રિસ્બેન:** ''ભારતીય ટીમમાંથી સુપર ફ્લોપ સુરેશ રૈના ક્યારે બહાર જશે?'' આ સવાલ ક્રિકેટ ચાહકોને સતત પરેશાન કરી રહ્યો છે, પરંતુ ટીમ મેનેજમેન્ટને આ વાતની કોઈ ચિંતા નથી. ૧૪૦ વન ડે રમીને ત્રણ સદી ફટકારનારો રૈના ખરાબ પ્રદર્શન છતાં હજુ પણ ટીમ ઈન્ડિયામાં જળવાયેલો જ છે. ટીમ ઈન્ડિયાની રણનીતિ કોઈને સમજમાં આવતી નથી. એક તરફ સિનિયર ખેલાડીઓ સેહવાગ, સચીન, ગંભીરને રોટેશન પોલિસી અંતર્ગત અંદર-બહાર કરાઈ રહ્યા છે, જ્યારે બીજી બાજુ સુરેશ રૈના અને રોહિત શર્મા જેવા ખેલાડી ખરાબ પ્રદર્શન છતાં ટીમમાં છે. સુરેશ રૈના કુલ ૧૪૦ વન ડેની ૧૨૦ ઈનિંગ્સમાં કુલ ૨૩ વાર જ ૫૦ કે તેથી વધુનો આંકડો પાર કરી શક્યો છે. આમ છતાં ધોનીનો રૈના પરનો ભરોસો અને મિત્રતા ભારતીય ક્રિકેટ ચાહકોને પરેશાન કરે છે.

# ઈંગ્લેન્ડનો પાક. પર ક્લીન સ્વીપ

**દુબઈ:** ઈંગ્લેન્ડે ચોથી વન ડે મેચ ચાર વિકેટથી જીતવાની સાથે જ ચાર મેચની વન ડે શ્રેણી ૪-૦થી જીતી લીધી છે. અંતિમ વન ડેમાં ઈંગ્લેન્ડના મેન ઓફ ધ મેચ બનેલા કેવિન પીટરસને શાનદાર સદી (૧૩૦ રન, ૧૨ ચોગ્ગા, બે છગ્ગા) ફટકારી હતી. ઈંગ્લેન્ડના કેપ્ટન એલિસ્ટર કુકને મેન ઓફ ધ સિરીઝ પુરસ્કારથી સન્માનિત કરાયો હતો.

જીતવા માટે મળેલા ૨૩૮ રનના લક્ષ્યને ઈંગ્લેન્ડે ૪૯.૨ ઓવરમાં છ વિકેટ ગુમાવીને હાંસલ કર્યું હતું. પાકિસ્તાન તરફથી સઈદ અજમલે ત્રણ વિકેટ ઝડપી હતી.

વન ડે શ્રેણીમાં ઈંગ્લેન્ડ સંપૂર્ણપણે છવાયેલું રહ્યું હતું અને પાકિસ્તાન પર ક્લીન સ્વીપ કરીને જ રાહતનો શ્વાસ લીધો હતો, કારણ કે પાકિસ્તાને ટેસ્ટ શ્રેણીમાં ઈંગ્લેન્ડનો ક્લીન સ્વીપ કર્યો હતો, જેનો ઈંગ્લેન્ડે વન ડે શ્રેણીમાં બદલો વાળ્યો હતો.

આ અગાઉ અસદ શાફિક અને અઝહર અલીની અર્ધસદીઓની મદદથી પાકિસ્તાને ૫૦ ઓવરમાં ૨૩૭ રન બનાવ્યા હતા. શાફિકે ૬૫ બોલમાં ૭૮ રન બનાવ્યા હતા, જ્યારે અલીએ ૮૯ બોલમાં ૫૮ રનની ઈનિંગ્સ રમી હતી. પાકિસ્તાને ટોસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું, પરંતુ બીજી જ ઓવરમાં ઓપનર મોહંમદ હફીઝની વિકેટ ગુમાવી હતી. ત્યાર બાદ શાફિક અને અલીએ બીજી વિકેટની ભાગીદારીમાં ૧૧ રન ઉમેર્યા હતા. કેપ્ટન મિસ્બાહે ૪૬ રનનું યોગદાન આપતા પાકિસ્તાનનો સ્કોર ૨૩૭ રન સુધી પહોંચી શક્યો હતો.



સતત બીજી સદી ફટકારનાર પીટરસનને મેન ઓફ ધ મેચ અને અગાઉ પહેલી અને બીજી વન ડેમાં સદી તેમજ ત્રીજી વન ડેમાં શાનદાર ઈનિંગ્સ રમનાર ઈંગ્લેન્ડના કેપ્ટન કુકને મેન ઓફ ધ સિરીઝ જાહેર કરાયો હતો.

**પાકિસ્તાન:** ૫૦ ઓવરમાં ૨૩૭ (ઓલઆઉટ)

**ઈંગ્લેન્ડ:**

| | | |
|---|---|---|
| કુક | એલબી. બો. જુનૈદખાન | ૦૪ |
| પીટરસન | કો. રહેમાન બો. અજમલ | ૧૩૦ |
| ટ્રોટ | કો. હફીઝ બો. રહેમાન | ૧૫ |
| મોર્ગન | એલબી બો. અજમલ | ૧૫ |
| બટલર | કો. અઝહર બો. અજમલ | ૦૦ |
| કિસવેટર | રન આઉટ | ૪૩ |
| એસ. પટેલ | નોટ આઉટ | ૧૭ |
| બ્રેસનન | નોટ આઉટ | ૦૪ |
| કુલ | છ વિકેટે (૪૯.૨ ઓવર) | ૨૪૧ |

**બોલિંગ:** જુનૈદ ખાન ૯.૨-૫૩-૧ ■ અબ્દુર રહેમાન ૧૦-૦-૩૧-૧ ■ સઈદ અજમલ ૧૦-૦-૬૨-૩ ■ આફ્રિદી ૧૦-૦-૫૪-૦ ■ મોહંમદ હફીઝ ૧૦-૦-૩૮-૦